This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

Code No. 60/S/A/G
કોડ નં.

Set / સેટ - A

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators
(નિરીક્ષકની સહી)

1. ____________________

2. ____________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **60/S/A/G-A** લખવી.



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

# GUJARATI
# ગુજરાતી
# (207)

**સમય : 3 કલાક]** **[કુલ ગુણ : 100**

**સૂચના :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે ગુણ આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

---

1 'કાનુડા'એ કયું તોફાન નહોતું કર્યું તે જણાવો. **1**

(A) શીકું તોડ્યું

(B) ફર્નીચર તોડ્યું

(C) માખણ ઢોળવું

(D) માખણ ખાવું

2 'મારી વ્યાયામસાધના'ના નાયકને શાનું નિમંત્રણ મળ્યું ? **1**

(A) લગ્નમાં જવાનું (B) જમવાનું

(C) રમવાનું (D) વ્યાયામ કરવાનું

3 યોગ્ય જોડણી કઈ ? તે લખો. **1**

(A) પેહરણ (B) પ્હેરણ

(C) પ્હએરણ (D) પહેરણ

4 'એક પ્રશ્ન' વાર્તામાં ન્યાય કરવા કોને બોલાવ્યાં ? **1**

(A) બાને (B) મોટા ભાભીને

(C) બેનને (D) હીરાને



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

5 પતંગિયું અને ચંબેલીમાં કવિ કોને ઘેલી કહે છે ? 1

(A) રાણીને (B) પતંગિયાને

(C) ચંબેલીને (D) પરીને

6 'મુક્તક'ના કવિ કોણ છે ? 1

(A) મકરંદ દવે (B) બરકત વિરાણી

(C) ઈશ્વર પેટલીકર (D) મેઘાણી

7 વસંત ઋતુમાં કયો તહેવાર આવે છે ? 1

(A) દિવાળી (B) હોળી

(C) રક્ષાબંધન (D) વિજ્યાદશમી

8 'સોયનું નાકું' એકાંકીમાં થયેલ સભામાં પ્રમુખસ્થાન કોણે લીધું ? 1

(A) ભાઈબંધ (B) નોકર

(C) ચિત્રગુપ્ત (D) નંદનંદન શેઠ

9 'રસ્તા વસંતના' કાવ્યનું સ્વરૂપ છે - 1

(A) ગઝલ (B) ગીત

(C) ભજન (D) સંદેશ

10 વિનુ માંકડ કયા પ્રકારના નિષ્ણાત ફિલ્ડર હતા ? 1

(A) ગલીમાં (B) સિલી પોઈન્ટમાં

(C) સ્લિપ અને શોર્ટલેગની જગ્યામાં (D) ફાઈનલેગમાં

11 'પુષ્પતણી પાંદડીએ' માં અલંકાર ઓળખો. 1

(A) વર્ણાનુપ્રાસ (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) ઉપમા



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

12 પતંગ ક્યારે નીચે પડી જાય છે ? 1

(A) પવન ન હોય ત્યારે
(B) ખૂબ પવન હોય ત્યારે
(C) દોરો કપાઈ જાય ત્યારે
(D) પતંગ ફાટી જાય ત્યારે

13 નિબંધ લખવાના કુલ કેટલા પ્રકાર છે ? 1

(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) છ

14 'પીળક' શેના પૂરા થવાનો સંકેત આપતું ગાન ગાય છે ? 1

(A) સંધ્યા
(B) સવાર
(C) દિવસ
(D) રાત્રિ

15 કવિ પ્રિયતમના પ્રેમને કઈ નદીના નીર કહે છે ? 1

(A) નર્મદા
(B) ગંગા
(C) સાબર
(D) યમુના

16 ચંબેલીને કોણે ઘડી ? 1

(A) બ્રહ્મા
(B) વિષ્ણુ
(C) શંકર
(D) ઈન્દ્ર

17 હરિયાએ કુલ કેટલી જાતના ફાર્મ ભર્યા ? 1

(A) પાંસઠ
(B) પંદર
(C) પાંત્રીસ
(D) પચાસ

18 અનાજના વેપારી કેટલું અનાજ વેચે છે ? 1

(A) કિલો - કિલો
(B) મણ - મણ
(C) પાંચ કિલો
(D) શેર - શેર

19 'સ્મારક' કોની યાદમાં બનાવવામાં આવ્યું હતું ? 1

(A) ચિત્રગુપ્ત
(B) શંકરલાલ
(C) દેવશંકર
(D) નંદનંદન



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

20 'ઉશ્કેરાઈ જવું' રૂઢિપ્રયોગનો અર્થ છે - 1

(A) નોખા પડવું (B) તલ્લીન થવું

(C) ભાગી જવું (D) ગુસ્સે થવું

21 (ક) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) ઉત્તરાયણના દિવસની સાથે નાયકને શું-શું યાદ આવે છે ?

(ii) 'એક પ્રશ્ન' વાર્તાના આધારે નાયકના ઘરે શો પ્રસંગ બન્યો હતો ?

(iii) દેવશંકર લાડુ જમ્યા સિવાય પૂરતા પૈસા આપીને જતા રહ્યા. આથી શંકરલાલ પર શી અસર થઈ ?

(iv) 'સૂર્યનું સેવન' પાઠમાં કવિએ પવનને કેવો કહ્યો છે ? શા માટે ?

(v) હરિયો ભરી સભામાં શું બોલ્યો ?

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) ચિત્રગુપ્ત પાસે શેઠના કયા-કયા દુર્ગુણો જણાઈ આવ્યા ?

(ii) બીજા વિશ્વયુદ્ધની માંકડના ક્રિકેટજીવન પર શી અસર થઈ ?

(iii) છોકરાઓએ કોને ધમકી આપી ? તેનું શું પરિણામ આવ્યું ?

(iv) કેસરી રંગના ફૂલ ક્યાં જોવા મળે છે ? તેની પાસે કોણ, શા માટે આવે છે ?

(v) લેખકના આંગણાંમાં કયાં-કયાં વૃક્ષો છે ?

22 (ક) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) પતંગિયું અને ચંબેલીના સમન્વયથી પરી કેવી રીતે બની ? એ વાત ટૂંકમાં લખો.

(ii) 'તડકો' કાવ્યના કવિ 'નિરંજન ભગત'નો સંક્ષિપ્ત પરિચય આપો.

(iii) કવિ ત્રીજા 'હાઈકુ' દ્વારા શો સંદેશ આપે છે ?

(iv) 'ગુર્જર ભારતવાસી' કાવ્યના શીર્ષકની સાર્થકતા તમારા શબ્દોમાં લખો.

(v) ફકીર કેવો હોય છે ? તેના સ્વભાવનું વર્ણન કરો.

(ખ) ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) વસંતના તડકાનાં 'પોટકાં-ફાટ' ભરી લેવા કવિ શા માટે કહે છે ?

(ii) 'એ લોકો' કાવ્યની શૈલીની નોંધપાત્ર વિશેષતા કઈ છે ?

(iii) 'તને જોઈ જોઈ તોય હું અજાણી'ના કવિનો મનમૃગ ક્યાં પોઢેલ હતો ?

(iv) 'કોણ' કાવ્યના કવિનું નામ લખો.

(v) ચંબેલીની પાંખો કેવી હતી ?



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

23 (ક) નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે ? તે લખો. (ગમે તે **ત્રણ**) 3

(i) ''એ શરીરના દાવપેચ જાણતો હશે તો હું મગજના જાણું છું.''

(ii) ''જો તમને જિંદગીનો ડર ન હોય તો હું ઇચ્છું છું કે, મિસિસ ગાંધી અને બાળકો ગાડીમાં રૂસ્તમજી શેઠને ત્યાં જાય.''

(iii) ''તમારાં છોકરાં પણ તમારા જેવાં ઊદ્યમી નીકળ્યાં છે.''

(iv) ''હવે આપણે તમારી દેશસેવાની વાત કરીએ.''

(v) ''તમારા લાડુ બગાડ્યા એ તો ખરું જ ને.''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનું ભાવસૌંદર્ય લખો : 6

(i) ''તે લોકો છેજ નહીં
એ તો છે નોટોને ખાઈ
ઊછરતી ઊધઈ.''

(ii) ''જગત નીમ છે જનમ મરણનો,
દૃઢ રહેજો હિંમતથી.....''

(iii) ''તિલક કરી ત્રેપન થયાં, જપમાળાના નાકાં ગયા.''

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) હરિયાનું પાત્રાલેખન.

(ii) દેવશંકરની લાડુ લોલુપતા.

(iii) 'મારી મા'ની નાયિકાની માતા.

25 ગમે તે **એક** વિશે આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

(i) પ્રાર્થનાનું મહત્ત્વ

(ii) આપણો રાષ્ટ્રધ્વજ

(iii) ક્યાં લઈ જશે આ આતંકવાદ

(iv) માતૃપ્રેમ

(v) જો હું શિક્ષક હોઉં તો



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

26 શાળાના પુસ્તકાલય માટે અગત્યનાં પુસ્તકોનો ઑર્ડર આપતો પત્ર જાણીતા પુસ્તક-વિક્રેતાને લખો. 8

**અથવા**

શાળામાં શિક્ષક તરીકે નોકરી મેળવવા અરજી કરો.

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : 6

(i) રામ રાખે તેને કોણ ચાખે

(ii) વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો

**અથવા**

નીચે આપેલા ગમે તે **એક** વિશે પરિચ્છેદ લખો :

(i) પરોપકાર

(ii) સ્ત્રીશક્તિ

28 નીચેનો ગદ્યખંડ વાંચી આપેલા સવાલોના જવાબ લખો : 5

**ફકરો :**

પ્રસન્નતાનો એટલો બધો ચમત્કાર છે કે તેનાથી ઘણા રોગ થતા અટકે છે, કે થયા હોય તે ઓછા થાય છે. અપ્રસન્ન માણસ મનમાં દુઃખી રહે છે એટલું જ નહીં, તેનું શરીર પણ નઠારું થઈ જાય છે. વળી જે માણસ બહુ અસંતોષી અને અપ્રસન્ન છે તેનામાં ઈર્ષ્યા અને લોભ એવા દુર્ગુણો પ્રવેશ કરે છે. જે લોક પોતાના કરતાં પ્રસન્ન અને સુખી હશે તેની તેને ઈર્ષ્યા થશે; અને ગમે તે રીતે પણ પ્રાપ્તિ કરવાની ઇચ્છા થવારૂપી તેને લોભ પેદા થશે. ઈર્ષ્યા અને લોભથી માણસો જે કુકર્મ કરે છે ને જે દુઃખ જાતે વેઠે છે, તેનાં દૃષ્ટાંત આપણે નિત્ય દેખીએ છીએ. એક કુકર્મ બીજા દસ કરાવે છે, કેમકે તે વિના પ્રથમ કુકર્મ ઢંકાતું નથી. અપ્રસન્નતાની ટેવમાંથી અનેક અનર્થ ઉપજે છે. માટે સર્વદા પ્રસન્ન રહેવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રશ્નો :**

(i) પ્રસન્નતાને શા માટે 'ચમત્કાર' કહ્યું છે ?

(ii) અપ્રસન્ન માણસો કેવા હોય છે ?

(iii) માણસો ક્યારે કુકર્મ કરે છે અને તેનું શું પરિણામ આવે છે ?

(iv) આપણે શા માટે સર્વદા પ્રસન્ન રહેવું જોઈએ ?

(v) વિરુદ્ધાર્થી શોધીને લખો : અપ્રસન્ન, સંતોષી.



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

29 ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં ચિત્રોના સમાવેશને સ્તંભ-આલેખમાં દર્શાવો. 3

| | | |
|---|---|---|
| (1) | સાહિત્ય કિરણાવલી | ચિત્ર માટે કુલ પાનાં (ટકામાં) |
| | ધો. 5 ભા. - 1 | 9 |
| | ધો. 6 ભા. - 2 | 12 |
| | ધો. 7 ભા. - 3 | 7 |
| (2) | સાહિત્ય પાઠાવલી | |
| | ધો. 5 ભા. - 1 | 16 |
| | ધો. 6 ભા. - 2 | 10 |
| | ધો. 7 ભા. - 3 | 8 |

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

કાલ્પનિક, ખાનગી, વિયોગ, અગવડ

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

નોકર, મુસાફર, પિતા, પુષ્પ

(ગ) સંધિ જોડો : (ગમે તે **બે**) 2

ઇતિ + હાસ, પ્રતિ + અક્ષ, શિષ્ટ + આચાર, પુસ્તક + આલય

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) 2

મૂછ પર તાવ દેવો, ખો ભૂલી જવી, ભોગ લાગવા, મોં પડી જવું

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

(1) સિંહની આકૃતિવાળું આસન __________

(2) પ્રયત્ન કર્યા વિના __________

(3) બધામાં ઉત્તમ __________

(4) પોતાના દેશનું __________

31 નીચે આપેલ રૂપરેખાના આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક પણ આપો : 5

એક ગામડાના માણસનું શહેરમાં જવું — મીઠાઈની દુકાને ઊભા રહેવું — લુચ્ચો દુકાનદાર — 'મીઠાઈની સુગંધ લીધી તેની કિંમત ચૂકવો' — ગામડિયાની મૂંઝવણ — ડાહ્યા માણસની સલાહ — ખિસ્સામાંનું પરચૂરણ ખખડાવવું — ''પૈસા વસૂલ કરી લો'' — દુકાનદારનું ભોંઠા પડવું — સાર.



UNNATI EDUCATIONS
9899436384, 9654279279